# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM CRIME CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં રાજ્યસ્તરની ક્રાઇમ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, રાજ્યના વિકાસમાં પોલીસનું મહત્વનું યોગદાન છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

બે દિવસની આ કોન્ફરન્સમાં રાજ્યમાં સ્માર્ટ પોલીસીંગ, સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ, સાયબર ગુના તથા આતંકવાદ સહિતના મુદ્દા પર ચર્ચા કરાશે. કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ એમ કે દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિત તમામ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . .

# QUATAM CONFERENCE

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, વિકસિત ભારત 2047માં ક્વોન્ટમ વિજ્ઞાનના માધ્યમથી ગુજરાત ટેકનોલોજીનું ગ્લોબલ હબ બનશે. અમદાવાદ ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાઇ રહેલી પબ્લિક અંડરસ્ટેન્ડિંગ ઓન ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિષય પર દેશની સૌથી મોટી બે દિવસીય વિજ્ઞાન સંચાર પરિષદનાં બીજા દિવસે ઉપસ્થિત રહેલા શ્રી મોઢવાડિયાએ જણાવ્યું, વિજ્ઞાન અને

ટેકનોલોજી એ દેશના વિકાસ માટેનું ચાલક બળ છે. આજે બીજા દિવસે વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાતો સાથે ક્વોન્ટમ સાયન્સ અને ટેક્નોલોજી વિષય પર સંવાદ સત્ર યોજાયું હતું.

. . . . . . . . . . . . .

# WOMEN FOR TREES

શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શના વાઘેલાએ અમદાવાદના ધોળકાથી વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇનનો આજે શુભારંભ કરાવ્યો. શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ચાર મહાનગરપાલિકાના 40 પ્રોજેક્ટ માટે 185 લાખ અને 66 નગરપાલિકામાં 96 પ્રોજેક્ટ માટે 325 લાખ સહિત કુલ 136 પ્રોજેક્ટમાં દોઢ લાખ વૃક્ષો વાવવા માટે 5 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી.

ઉલ્લેખનીય છે વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇન અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે સંકળાયેલી સાત હજારથી વધુ મહિલાઓ અંદાજિત દોઢ લાખથી વધુ વૃક્ષો વાવીને તેના જતનમાં સહભાગી થશે.

. . . . . . . . . . . . .

# AMRELI G RAM G BYTE

સંસદ દ્વારા વિકસિત ભારત—રોજગાર અને આજીવિકા મિશન—ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો કાયદો બનાવાયો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેમાં પરિવારના પુખ્તવયના અકુશળ સભ્યો કે, જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે. આ કાયદા અંગે અમરેલીના સ્થાનિકે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : સ્થાનિક)

. . . . . . . . . . . . .

# BOTAD BRIDGE

બોટાદ–સુરેન્દ્રનગર જિલ્લાને જોડતાં બોડી પીપરડી–લીંબોડા રોડ પર સુખભાદર નદી ઉપર મેજર બ્રિજ મંજુર કરાયો છે. જેના માટે માટે 9 કરોડ રૂપિયા મંજુર કરાયા છે. બ્રિજના નિર્માણ માટે હાલ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે. બ્રિજ પૂર્ણ થયા બાદ લીંબોડા અને લોયા વચ્ચે ચોમાસા દરમિયાન વારંવાર થતી રસ્તા બંધની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે. જેનાથી સ્થાનિક જનતા, વેપારીઓ અને વાહનચાલકોને ઘણો લાભ થશે. આ ઉપરાંત, નવા મેજર બ્રિજના નિર્માણથી બંને વિસ્તારો વચ્ચેનાં

અંતરમાં અંદાજે ૧૫ કિલોમીટર જેટલો ઘટાડો થશે, જેનાં કારણે સમય અને ઇંધણની બચત સાથે માર્ગ વ્યવહાર વધુ સુગમ બનશે.

. . . . . . . . . . . . .

# VOCAL FOR LOCAL – MAHESANA

મહેસાણાના પોલીસ પરેડ મેદાન ખાતે ત્રિદિવસીય સશક્ત નારી મેળાનું આયોજન કરાયું હતું. વોકલ ફોર લોકલના હેતુ સાથે યોજાયેલ આ મેળામાં 70 સ્ટોલ ઉપરથી સખીમંડળ અને સ્વસહાય જૂથોની બહેનોએ પોતાના હાથે બનાવેલી સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરી આત્મનિર્ભર બની. આ મેળામાં મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત કરી સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી પ્રોત્સાહન આપ્યુ.

. . . . . . . . . . . . .

# DANG KARATE

નવસારી જિલ્લામાં યોજાયેલી 13મી ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપમાં ડાંગના વાસુર્ણા સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા તેમજ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ સાપુતારાના વિદ્યાર્થીઓએ વિવિધ

કેટેગરીમાં ચંદ્રકો મેળવ્યાં. જેમાં વાસુર્ણા પ્રાથમિક શાળાના સંધ્યા પવાર, પાયલ બાગુલ, આશા પવારે યલો બેલ્ટ કેટેગરીના કાટા ઇવેન્ટમાં ચંદ્રક મેળવ્યાં. જ્યારે એકલવ્ય મોડેલ સ્કૂલ સાપુતારાના હિરલ ગાંગોડા, યશ્વી ચૌધરી, નેહા ગાંગોડા, અસ્મિતા ઠાકરેએ યલો કેટગરી અને કોચ સંતોષ પાડવી, અને અજય ચૌર્યાએ બ્રાઉન અને બ્લેક કેટગરીમાં મેડલ મેળવ્યાં હતાં.

. . . . . . . . . . . . .

## WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ મેચની શ્રેણીની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમના ડૉ. વાય.એસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થવાની છે.

યજમાન ટીમે શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. કેપ્ટન હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ગયા રવિવારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પહેલી T20 મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . .